ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ખાતે મંજૂર થયેલ જગ્યાઓ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/MIS/e-file/17/2022/2981/A Section**

સચિવાલય, ગાંધીનગર.

તા.૩૧/૦૧/૨૦૨૪

વંચાણે લીધાં:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૯/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક:- સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૧૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:- સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક:- સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ
(૪) ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૦૬/૦૧/૨૦૨૪ નો પત્ર ક્રમાંકઃ બિનિ/વહટ/૨૦૨૩-૨૪/૧૭૭-૭૮

પ્રસ્તાવના:-

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના તા.૩૦/૦૯/૨૦૧૭ ના ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવથી નિગમ ખાતે કુલ-૧૮ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના તા.૨૦/૧૧/૨૦૨૦ ના પત્રથી નિગમની વડી કચેરી માટે કુલ-૦૮ જગ્યાઓ સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓને આધીન ફિક્સ પગારમાં આઉટસોર્સથી ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તા.૦૧/૦૪/૨૦૨૩ના ઠરાવથી મંજૂર થયેલ કુલ-૧૮ જગ્યાઓ પૈકી આઉટસોર્સથી ભરવાની પટાવાળાની ૦૩ તથા ડ્રાઇવરની ૦૨ જગ્યાઓ સિવાયની કુલ-૧૩ જગ્યાઓ તથા નિગમની વડી

કચેરી માટે આઉટસોર્સથી ભરવાની કુલ-૦૮ જગ્યાઓને પશ્ચાદવર્તી અસરથી (તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી) તેમજ વર્ષ:૨૦૨૩-૨૪ માટે તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી અનુવર્તી અસરથી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૪) હેઠળના નિગમના તા.૦૬/૦૧/૨૦૨૪ ના પત્રથી નિગમની મંજૂર મહેકમની જગ્યાઓ તથા નિગમની વડી કચેરી માટેની જગ્યાઓની મુદત આગામી વર્ષ ૨૦૨૪-૨૫ સુધી લંબાવી આપવા નિગમે કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ખાતે મંજૂર થયેલ મહેકમની કોષ્ટક-અ માં દર્શાવેલ જગ્યાઓ તથા નિગમની વડી કચેરી માટે આઉટસોર્સથી ભરવાની કોષ્ટક-બ માં દર્શાવેલ જગ્યાઓને નીચે જણાવેલ શરતોને આધીન તા.૦૧/૦૩/૨૦૨૪ થી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

કોષ્ટક-અ

| ક્રમ | જગ્યાનું નામ | ચાલુ રાખવાની જગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | મેનેજીંગ ડિરેક્ટર, વર્ગ-૧ | ૧ |
| (૨) | સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ | ૨ |
| (૩) | હિસાબી અધિકારી, વર્ગ-૨ | ૧ |
| (૪) | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩ | ૧ |
| (૫) | સમાજ કલ્યાણ નીરિક્ષક, વર્ગ-૩ | ૧ |
| (૬) | સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૩ |
| (૭) | જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૩ |
| (૮) | સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૨, વર્ગ-૩ | ૧ |

| | | |
|---|---|---|
| (૮) | પટાવાળા (આઉટસોર્સ) | 3 |
| (૯) | ડ્રાઇવર (આઉટસોર્સ) | ૨ |
| કુલ | | ૧૮ |

<u>કોષ્ટક-બ</u>

| ક્રમ | આઉટસોર્સિંગથી સેવા મેળવવાની જગ્યાનું નામ | માસિક ફિક્સ પગાર | ચાલુ રાખવાની જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | નાયબ હિસાબનીશ, વર્ગ-3 | ૧૮000/- | ૨ |
| (૨) | સમાજ કલ્યાણ નીરિક્ષક, વર્ગ-3 | ૧૮000/- | ૪ |
| (3) | જુનીયર ક્લાર્ક, વર્ગ-3 | ૧૨000/- | ૨ |
| કુલ | | | ૮ (આઠ) |

<u>શરતો:-</u>

(૧) કોષ્ટક-અ માં દર્શાવેલ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ખાતે મંજૂર થયેલ મહેકમની જગ્યાઓ અન્વયે ક્રમ-૬ પરની સિનિયર ક્લાર્ક, વર્ગ-3 ની જગ્યા ૦૧ વર્ષથી વધારે સમયથી ખાલી હોવાથી તથા ક્રમ-૮ પરની સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૨, વર્ગ-3 ની ૦૧ જગ્યા ૦૧ વર્ષથી વધુ સમયથી ખાલી હોવાથી અત્રેના તા.૦૧/૦૪/૨૦૨3 ના ઠરાવથી અબેયન્સમાં મૂકવામાં આવેલ હોઈ, તેને અબેયન્સમાંથી મુક્ત કરાવ્યા બાદ જ ભરી શકાશે.

(૨) કોષ્ટક-બ માં દર્શાવેલ નિગમની વડી કચેરી ખાતેના મહેકમની આઉટસોર્સની જગ્યાઓ અન્વયે સમાજ કલ્યાણ નીરિક્ષક, વર્ગ-3 ની તા.૨૦/૧૧/૨૦૨૦ થી ખાલી રહેલ રહેલ ૦૧ જગ્યા અને જુનિયર ક્લાર્ક, વર્ગ-3 ની ખાલી રહેલ ૦૧ જગ્યા આથી અબેયન્સમાં મૂકવામાં આવે છે.

(૩) જગ્યાઓ બાબતે નાણાં વિભાગ દ્વારા વખતોવખત પ્રસિદ્ધ કરવામાં આવતી તમામ સૂચનાઓનું ચુસ્તપણે અનુસરણ કરવાનું રહેશે.

(૪) વર્ગ-૪ સંવર્ગની નિયમિત પગાર ધોરણની જગ્યાઓ ખાલી પડે તો તેવી જગ્યાઓ રદ કરવાની રહેશે અને તેવી જગ્યાઓની સેવા મેળવવાની જરૂરિયાત જણાય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ મુજબ આઉટસોર્સથી સેવાઓ મેળવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રી (સા.ન્યા) ના પરામર્શમાં સક્ષમ કક્ષાએથી તા.૨૩/૦૧/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: HARIT RAJENDRA DOSHI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 31-Jan-2024 (01:44 PM)

(હરિત આર. દોશી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિ.જા.ક., બ્લોક નં.૪/૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, ડી-૨ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- સે.અ.શ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ- સદર ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતીસહ.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૪